
R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૧૦૦મું
VOLUME : 04 • ISSUE : 17 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH JULY 2024
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

**MICROFINISH**

**Pumps • Valves • Automation**




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.


Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના આધારસ્તંભ દાતા



શ્રી હરીશભાઈ નરશી ધરમશી-સુથરી (મુલુંડ)




## શ્રી ગુણ ગુણોદય કલા નરેન્દ્ર સિદ્ધાચલ ૯૯ યાત્રાના ઉપક્રમે પૂજ્ય શ્રી ચારુલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પુ.સા.શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ. સા.અને પૂ.સા.શ્રી તત્વપૂર્ણા શ્રીજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલ શેત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અનુમોદના

જ્યાં શ્રી આદિનાથ પ્રભુ ૯૯ વાર જે ગિરિરાજ પર પધાર્યા, જ્યાં અનેક પુણ્યશાળીઓ અને સાધુ સાધ્વીઓ પવિત્ર ગિરિરાજની સ્પર્શનાથી મોક્ષે સિધાવ્યા, જ્યાંથી અનંત આત્માઓ સિદ્ધે ગયા, એ શત્રુંજય ગિરીરાજની પાવન ધરા પર નવ્વાણું યાત્રા કરી જીવન સાર્થક કરનારા, શ્રી રૂપેશભાઈ, સૌ.પ્રેરણાબેન, કુ.તનિષ્કા અને ચિ.આદિત્યની ભૂરી ભૂરી અનુમોદના .



આપના આ કૃત્યથી આપે ભવો ભવનું પુણ્યનું ભાથું બાંધી લીધું છે. આવી જ આરાધના તમો આયુષ્યભર કરતા રહો એવી સદિચ્છા. આપ સર્વેની અનુમોદના વારંવાર.

### આપના કૃત્યે પાવન બનેલા આપના પરિવારજનો

શ્રી શાંતિલાલ લધુભાઈ લોડાયા (ઔરંગાબાદ)❖ સૌ.કુસુમબેન મોહનલાલ નાગડા(પુના)
ગં.સ્વ.ચેતના કિશોર લોડાયા (નાંદેડ)❖ શ્રી અમિત કિશોર લોડાયા❖ સૌ.ભૂમિકા અમિત લોડાયા
ચિ.મોક્ષ અમિત લોડાયા ❖સૌ.કવિતા નાગડા(પોંડિચેરી) ❖કુ.અશ્વિની નાગડા.

# Our Proud Moment

## KDO Kids WIN

### NATIONAL CHAMPIONSHIP OF MIND SPORTS 2024

We are thrilled to announce that our talented kids have emerged victorious in the National Championship of Mind Sports! Competing against 7,845 participants, our champions brought home the prestigious title. Congratulations to our brilliant winners!

Mental Calculations Academy
KHUSHBOO DHARAMSHI
Mulund West




### Dharmik Khushboo Sameer Dharamshi

Jasapar, Mulund West

- Champion of the Champion Trophy
- Champion Trophy - Rubik's Cube (all 3 Category) (Logical Skill)
- 1st Runner up in Nfix (Logical Skill)





### Shivaay Varsha Zaran Dhulla

Suthari, Mulund East

- Champion Trophy - Rubik's Cube (all 3 Category) (Logical Skill)



### Khushboo Sameer Dharamshi

Jasapar, Mulund West

Honoured Leadership- Esteemed Franchise Director, received an award in recognition of excellence

@GENIUSKID_BY_KHUSBHOO

Genius Kid MUMBAI POWERED BY THINK TANK

**Rubiks' Cube | Mental Maths | Flash Math | Auditory Math | N-Fix**

*Enrol Now and Be a Part of our Winning Team* **# 9819602477**

**GeniusKid Mental Math, Kid's Corner, RHB Road, Mulund West**

# તંત્રી સ્થાનેથી

પ્ર.સ.ના આ અંકમાં અતિથી સંપાદક શ્રી કુમાર બાબુભાઈ દંડ-તેરા(ભાંડુપ)નો તંત્રી લેખ પ્રકાશિત છે.

**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**



જય જય શ્રી અનંતનાથ,

સૌ પ્રથમ, પ્રકાશ સમીક્ષાના સર્વે અધિકારીઓ તથા કમિટીને ખૂબ અભિનંદન અને ધન્યવાદ. મને અતિથી તંત્રી બનવાનો મોકો આપી મારી વિચારધારા વ્યક્ત કરવાની તક આપી જેમારા માટે એક સન્માનરૂપ છે.

સુજ્ઞ જ્ઞાતિજનો,

તાજેતરમાં થયેલ થોડા મહત્વપૂર્ણ કાર્યક્રમો પર આપનું ધ્યાન આકર્ષવા માંગુ છું.

પ્રથમ : ૯ જૂન ૨૦૨૪ ના રોજ માટુંગા નપુ હોલ ખાતે શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા સર્વે મિલકતોનું અવલોકન અને તે બાબત ચર્ચા-વિચારણા યોજવામાં આવી હતી. આ ઈવેન્ટમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને બુદ્ધિજીવીઓની હાજરી નોંધાઇ. આ ઈવેન્ટના કેટલાક મહત્વના પાસાં નીચે મુજબ છે.

૧. ટ્રસ્ટીઓના મંતવ્યો : ટ્રસ્ટીઓએ પ્રોપર્ટી ડેવલપમેન્ટમાં આવતા પડકારો અને મુશ્કેલીઓ પર પ્રકાશ નાખ્યો.

૨. જ્ઞાતિજનોનો પ્રતિસાદ : જનતા દ્વારા મળેલા ઉમદા પ્રતિસાદ અને સાથ-સહકાર એ બતાવ્યું કે, માત્ર ટ્રસ્ટીઓ જ નહીં, પરંતુ સમગ્ર જ્ઞાતિ પણ આ કામમાં, જાણકારીમાં રસ ધરાવે છે અને તેને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે.

૩. વિચારવિમર્શ : મળેલ સંદેશાઓ અને સૂચનોના આધારે ટ્રસ્ટ આગળના પગલાં માટે પણ વિચાર કરી રહ્યું છે. આ મંચે બધા જ્ઞાતિજનોને સાથે લઈને, સક્રિય ભાગીદારી દ્વારા ટ્રસ્ટને વધુ મજબૂત બનાવવાનું કામ કર્યું.

બીજું : ભાંડુપના મેવાડ હોલમાં કેડીઓ સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા આયોજિત 'આદિ નેમ રસ'નો ભક્તિ સંગીતમય કાર્યક્રમ. આ કાર્યક્રમને હું આ રીતે વ્યક્ત કરું છું:

૧. યુવાનોમાં રસ : સામાન્ય રીતે, આજે યુવાન યુવતીઓ મનોરંજન અને મોજમજાના કાર્યક્રમોમાં વ્યસ્ત રહે છે. પરંતુ આ ઈવેન્ટમાં જોવા મળ્યું કે, જો યોગ્ય રીતે પ્રયત્ન કરવામાં આવે, તો તેઓ ધર્મ અને ભક્તિમાં પણ ખાસો રસ ધરાવે છે અને દાખવે છે.

૨. ભક્તિની શક્તિ : જ્યારે ભક્તિ સંગીત શરૂ થયું, ત્યારે યુવાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આથી આ માન્યતા ખોટી સાબિત થાય છે કે આજના યુવાનોને ધર્મમાં રસ નથી.

૩. ભાવનાત્મક જોડાણ : આ કાર્યક્રમે યુવાન યુવતીઓને ધર્મ અને ભક્તી સુધી પહોંચાડવા અને તેમને સામાજિક અને આધ્યાત્મિક રીતે જોડવા માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું.

ત્રીજું : પ્રતિષ્ઠા-દ્વિ શતાબ્દી મહોત્સવ...

ગત ડિસેમ્બર ૨૩ થી ફેબ્રુઆરી ૨૪ દરમિયાન કચ્છમાં યોજાયેલા પ્રતિષ્ઠા-દ્વિ શતાબ્દી અને અન્ય ધાર્મિક મહોત્સવોની ઉજવણીને હું ખૂબ જ ઉત્સાહપૂર્વક ધ્યાનમાં લઈ રહ્યો છું.

આ મહોત્સવો ખૂબ જ રંગભરી રીતે ઉજવાયા, જેમાં સર્વે જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અબડાસો કચ્છી દશા ઓશવાળના પગરવથી ધ્વનિત થઈ ઉઠ્યો અને ધાર્મિક ભાવનાઓ ચરમસીમાએ પહોંચી.

અન્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો: કચ્છના અનેક ગામોમાં આયંબિલની ઓળી, ધજા મહોત્સવ, પર્યુષણ વગેરે કાર્યક્રમો ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક ઉજવાય છે. આ પ્રસંગોએ ગામવાસી તથા નિયાણી ઓ એકત્રિત થઈને ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને દાનની ગંગા વહેડાવે છે.

વિશિષ્ટ ઉદાહરણ : હમણાં જ બાંડિયા ગામના ધજા મહોત્સવ પ્રસંગે, શાયદ પ્રથમવાર ૨૫૦થી વધુ ગામવાસીઓ અને નિયાણી પરિવારોએ ભાગ લીધો. અને લગભગ આવતા 10 થી વધુ વર્ષો માટે ધજા પ્રસંગ ઉજવવા માટે દાતા પરિવારો મળી ગયા.

આ એક મહાન ઉદાહરણ છે કે લોકોમાં ધર્મ અને ધાર્મિક ક્રિયાઓમાં ખૂબ રસ છે.

વિનંતી : આવી ઉજવણીઓ માટે, સર્વે ગામવાસીઓને વિનંતી કરું છું કે તેઓ થોડો સમય કાઢી ઉપરોક્ત કાર્યક્રમો ગોઠવવા પ્રયત્ન કરે..

ગ્રામજનો અને જ્ઞાતિજનો એક સાથે આવી, ઉત્સાહભેર અને ઉત્સવના માહોલમાં ભાગ લઈ શકે.

મહત્વનો સંદેશ: આ પ્રસંગોએ એક મહાન સંદેશ આપ્યો છે કે, જ્ઞાતિજનોને એકસાથે મળીને આગળ

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
ઉદયન લાલજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૬, તા. ૦૫-૦૭-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

વધવું જોઈએ.

આ કાર્યક્રમો આપણને એ અનિવાર્ય સત્ય તરફ સંકેત આપે છે કે, આપણાં જ્ઞાતિજનોને સંકલિત પ્રયાસોથી અને સમર્પણથી જ આગળ વધવું છે. આમાંથી મળેલા સિદ્ધાંતો સ્પષ્ટ છે કે, જો આપણે આપણી જુદી જુદી ઓળખોને એકસરખા હેતુ સાથે જોડીએ અને સુમેળથી કામ કરીએ, તો આપણે હંમેશા આગળ વધશું.

આ બધું દર્શાવે છે કે લોકોને ધર્મ, ધાર્મિક ક્રિયાઓ, ગામ અને જ્ઞાતિમાં, અને મુખ્યત્વે એકબીજાને મળવામાં બહુ રસ છે. પરંતુ જરૂર છે કે કોઈ લીડરશીપ આગળ આવે અને માર્ગદર્શન આપે. જો કોઈ આગળ આવીને નેતૃત્વ કરે, તો દરેકના ટેકા મળી રહેશે.

અપીલ : આપણી જ્ઞાતિના સૌ સભ્યોને આ અપીલ કરું છું કે તેઓ આવા તમામ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોમાં સક્રિય ભાગ લે. આપણા સંસ્કાર, ધરોહર અને ધર્મને જીવંત રાખવા માટે આ બધું ખૂબ જ આવશ્યક છે.

બીજી એક અગત્યની વાત : આપણા દીકરા દીકરીઓની સગપણ સમસ્યા.

અત્યારે આપણા સમાજના દીકરા-દીકરીઓના સગપણ માટે પગના તળિયા ઘસી નાખતા વાલીઓ માટે ખાસ.....

આપણી મુખ્યત્વે વિચારધારાઓ નીચે પ્રમાણે છે

* કોઈને થોડું પણ જતું કરવું નથી.
* મોટા સિટીનો મોહ જેથી ગામડા ખાલી થવા માંડ્યા.
* આપણી ઈચ્છાઓઃ જેમ કે હાઈટ, બોડી, પૈસા, દુકાન, મકાન, સરકારી નોકરી, ધંધો, ગાડી, બંગલો, ફેક્ટરી અને બીજું ઘણું.

એક વસ્તુ યાદ રાખો બધું બધા પાસે હોતું નથી અને બધું બધા પાસે હોવાનું નથી

આજની યુવતીઓ C.A., ડોક્ટર, વકીલ, એમબીએ જેવી ડીગ્રીઓ લઈ ખુબ સારી જગ્યા પર છે પણ સામે તે જ પ્રમાણેનો યુવાન મળતો નથી અથવા અન્ય ધર્મ સમાજમાં પ્રેમ સંબંધ બંધાઈ જાય છે.

મતલબ કે ભણેલ હોવાથી લગ્ન થઈ જાય એવું પણ જરૂરી નથી.

છોકરા-છોકરીના ભવિષ્યને માટે, તેમની નોકરીઓ માટે, મા બાપ એમનો વર્ષો જૂનો ધંધો, ગામ છોડી ને માથે કરજ કરી ને શહેર તરફ જવા લાગ્યા છે. ગામડા પડી ભાંગ્યા પહેલા આપના સમાજની વસ્તી ગામડા માં પણ ઘણી હતી હવે અત્યારે???

આજની બીજી સમસ્યા - સગપણ/ લગ્ન થયા બાદ તરત જ છુટાછેડા.

આજના યુવાન યુવતીઓમાં જેમ ઈન્ટેલિજન્સ વધી છે તેમ સહનશક્તિ અને સમજશક્તિ ઘણા વિષયોમાં ઘટી છે. ઘણા જ ઠેકાણે પરિવારોની (દખલગીરી) ઈન્ટરફિયરન્સ પણ વધુ હોય છે. આ અને અન્ય કારણો માટે છૂટાછેડા બહુ જ નજીવા કારણોસર પણ થઈ જાય છે,જે ન થવા જોઈએ અને તે સાથે છૂટાછેડા વખતે જે પૈસાની લેતી દેતી /આપ લેની વાતચીત થાય છે, તે ઘણી જ ગંભીર સમસ્યા છે. એક તો લગ્ન સગપણના ખર્ચ અને ત્યારબાદ તુરંત જ પૈસા (ભરણ પોષણના નામે) આપવા/લેવાની વાત આ ખરેખર એક દુઃખદ અને શરમજનક ઘટના છે . સર્વે મા-બાપને / યુવાન-યુવતિઓને વિનંતી આપ આપની સમજશક્તિ /સહનશક્તિ વધારો (છૂટાછેડા બાદ નવું પાત્ર પણ કેવું હશે તે પણ વિચારી લેશો જી) અને વડીલોને વિનંતી કે આપ પણ આપના દીકરા-દીકરીઓના લગ્ન જીવનમાં વધુ ઈન્ટરફિયર ન કરો અને જો છૂટાછેડા લેવાનો પ્રસંગ આવે તો વડીલો અને અન્ય સમજદાર વ્યક્તિઓને વચ્ચે રાખી અને પ્રથમ છુટાછેડા નિવારવાનો પ્રયત્ન કરો, તે ન થાય તો મર્યાદામાં રહી અને કાર્ય પૂરું કરો એવી સર્વેને વિનંતી.

આજની દીકરીઓને વિનંતી છે કે ફક્ત વર્તમાન ન જુઓ, ભવિષ્યને ધ્યાનમાં રાખી અને યોગ્ય રીતે જીવન જીવશો તો સો ટકા આગળ વધવાની ઘણી જ તકો રહી છે.

છેલ્લે.... પ્રકાશ સમીક્ષાના સર્વે અધિકારીઓ કમિટીને ફરીથી અભિનંદન અને આભાર. આ તંત્રીલેખ દ્વારા આપણી જ્ઞાતિમાં એકતા, સહયોગ અને પ્રગતિનો સંદેશ આપવાનો એક નમ્ર પ્રયાસ છે. જો કશુંક ખોટું અથવા અસંગત લખાઈ ગયું હોય તો હૃદય પૂર્વક મિચ્છામી દુક્કડમ.



સ્નેહ સાથે,

**- કુમાર બાબુભાઈ દંડ**
**(આણંદ પરિવાર)**
મો.:99209 35414


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189



# કચ્છ દર્શન





(ભાગ : ૨૪)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ)



જેસલ-તોરલ સમાધિ, અંજાર-કચ્છ.

કચ્છની અંદર જૈન અતિથિગૃહ અને ભોજનશાળાઓનો વહીવટ સુચારૂ ચાલતો હોવાથી અહીં સ્વચ્છ વાતાવરણ તેમજ ભોજનશાળામાં શુદ્ધ વ્યંજનો પિરસવામાં આવે છે, શિવમસ્તુ તીર્થના રસોડામાંથી ગરમા-ગરમ દાળ અને રોટલીની સોડમ પેટમાં કુરકુરીયા બોલાવવા લાગી તેથી યાત્રિકોને જમવા પધારવા ત્યાંના મેનેજરશ્રીએ આહ્‌વાન કર્યું.

હું પણ યાત્રિકો સાથે ગોઠવાઈ ગયો અને મને ખાત્રી હતી કે ડ્રાઈવર અરજણ રબારી અને રમજુ રસ્તાની સામે આવેલ આદેશ ઢાબામાં કાઠીયાવાળી થાળીની જ્યાફત લેશે.

આમ તો કચ્છમાં કેટલાક વર્ષોથી નિવાસ કર્યા બાદ અડધો કલાક માટે વામકુક્ષી કરવાની આદત પડેલી છે, તેથી યાત્રિકોને સામે આવેલ ચાર મંઝિલી સમવસરણ દેરાસરજીના દર્શન કરી ઉપાશ્રયમાં પ.પૂ. સાધુશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના દર્શન તેમજ આ તિર્થની વિશિષ્ટતાઓ જાણવા પધારવા કહ્યું.

ભારતીય સંસ્કૃતિમાં ઋષિમુનિઓ અને સાધુ પુરુષોએ આપેલા જ્ઞાન અને સંસ્કારના વારસાનું બહુ મૂલ્ય છે. સાધુ-સંતોના વચનને રાજા-મહારાજાઓ પણ બહુમાન પૂર્વક માન્ય કરતા. કચ્છની ધરતી આવા સેંકડો સાધુ સંતોની જન્મદાત્રી માતૃભૂમિ છે જેમ કે- મેકણદાદા, સતી તોરલ, સંતશ્રી ઓધવદાસજી, વ્રજવાણીમાં આવેલ સાત વીસું આહિરાણીઓ. હાલમાં જ આવેલ ‘‘હેલારો’’ ગુજરાતી સિનેમા એમની જ કથા લઈને આવેલું જે તમે બધાએ જરૂરથી જોયું જ હશે...

સંતશ્રી ભાણસાહેબ, રવિસાહેબ, ખીમસાહેબ, મોરારસાહેબ ઈત્યાદિ ભલે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જન્મ્યા હોય પણ તેમનો વિશાળ ભગત વર્ગ કચ્છમાં મૌજુદ છે અને સંતવાણીના કાર્યક્રમોમાં ભજનીકો તેમના ભજન મોડી રાત સુધી લલકારતા હોય છે જે મધુર તો છે જ પણ માર્મિક પણ છે.

હવે અમે બધા ઉપાશ્રયમાં પ.પૂ. પૂર્ણભદ્રસાગરજી મ.સા. પાસે આવી આ તીર્થ વિશે વિશેષ માહિતી પ્રાપ્ત કરવા કાન સરવા કરી તેમની અમૃત વાણીનો લાભ લીધો. પૂ. મ.સા.એ કહ્યું કે આ તીર્થને શિવમસ્તુ સાધના કેન્દ્ર કેમ કહેવાય છે એ પ્રશ્ન આપ સૌનાં મનમાં ઉઠવો ઉચિત છે.

જૈન ધર્મમાં જગતનો એવો કોઈ વિષય નહીં હોય કે જેનું જ્ઞાન જૈન શાસ્ત્રોમાં ન હોય. છતાં એ ભૌતિક દુનિયા અને ભોગ-સુખના સાધનોથી પર રહ્યું છે. આવા અનેક વિષયોમાંથી એક વિષય છે યોગ ધ્યાનની સાધના. જૈન આચાર્યોએ આ વિષયમાં પણ ઘણું જ ખેડાણ કર્યું છે.

તન-મન અને આત્માની સ્વસ્થતા માટે યોગ-ભક્તિ અને ધ્યાન મહત્ત્વનું બળ પુરું પાડે છે. આ ત્રણેયનો સંગમ એટલે શિવમસ્તુ સાધના કેન્દ્ર જૈન તીર્થ.

કચ્છમાં થયેલ વિનાશક ભૂકંપના ૪૨ દિવસ પહેલા ઈ.સ. ૨૦૦૧, ૧૪મી ડિસેમ્બરે શિવમસ્તુના સર્જનની શિલાન્યાસ વિધિ થઈ અને ધીમે ધીમે ગૃહ જિનાલય, શ્રાવક ઉપાશ્રય, ભોજનાલય તથા મોટા અતિથિગૃહનું નિર્માણ કરતાં કરતાં સમવસરણ જિનાલયની પ્રતિષ્ઠા તા. ૧૨/૨/૨૦૧૪ના ધામધુમથી ઉજવવામાં આવી.

વધુ આવતાં અંકે....



મેકરણ દાદા મંદિર, ધ્રંગ - કચ્છ.

# મહાજન ચે તે મથે તે !!

મહાજન ચે તે મથે તે... આ વાક્ય લગભગ આપણે નાનપણથી વડીલોના મુખે બધાએ સાંભળ્યું જ હશે. પણ આજે એ વાક્ય તો મુકો, એમાંનો એક શબ્દ છે મહાજન એની મર્યાદા કે ગરિમા પણ આપણાથી જળવાય છે ખરી??

મહાજન શબ્દનો આદર...

જન જનથી બનેલો મહાજન અને એ મહાજન જ તમારી ઓળખ છે કે તમે શું છો? કેવા છો? એના વગર આપણું વજૂદ શું છે એની કલ્પના તો કરી જો એક વાર. પણ આજે લોકો એવું માને છે કે આપણે છીએ તો મહાજન છે અને આપણા વગર મહાજન ચાલશે જ નહિં. એવું મિથ્યાભિમાન રાખશો નહિં. મહાજનથી એક વ્યક્તિ દૂર થશે તો મહાજનને કોઈ અસર નહિં થાય પણ મહાજન એને દૂર કરશે ત્યારે એને મહાજનની જરૂરિયાત સમજાશે. મહાજન એક પંચ છે અને વડીલોનો સમૂહ જયારે નિર્ણયો લેતું ત્યારે તેને બધા આદર કરી તેનો અમલ કરતા અને તે સમયે વડીલોનો ડર કહો કે મહાજનનું સન્માન કહીએ, પણ એક સામાજિક વ્યવસ્થાના સ્વરૂપે એનું ઘણું મહત્વ છે. અને મહાજન શબ્દ બધી જ્ઞાતિમાં નથી હોતો, તે તો માત્ર અમુક ઉચ્ચ જ્ઞાતિમાં જ વપરાતો હોય છે.




જન જ મહાજન સામે થવા લાગ્યા...

એક સમયમાં નાત બહાર કરવાનો પણ અધિકાર હતો, કેટલીક સજાપાત્ર કે દંડપાત્ર પણ જોગવાઈ હતી જેનું ચુસ્ત પાલન પણ આપણે કરતા અને તેના લીધે સમાજ એક બની રહેતો ને ખોટું કરતા પહેલા સો વાર વિચાર કરતા, પણ સમયાંતરે તે બધી પ્રથા વિલુપ્ત થતી ગઈ ને મહાજનો ડર પણ હવે કોઈને રહ્યો નથી. હવે તો આપણે ડરતા કોઈના બાપથી નથી. સ્વચ્છંદી અને મતલબી સ્વભાવવાળા પોતાના પરિવારનું પણ નથી વિચારતા તો મહાજનની વાત દૂરની થઇ. મહાજનની ગરિમા તો છોડો હવે મહાજનો સામે સવાલો ઉઠાવતા થયા છે અને કાયદાનો ફાયદો ઉપાડી કોર્ટ સુધી જવું પડે એ કેટલી શરમની વાત છે. મહાજનનો લાગો ભરવા વારંવાર અપીલ કર્યા પછી પણ સમયસર ભરાતો નથી અને સામાન્ય સભા કોરમના અભાવના કારણે મુલતવી રાખવી પડે એનાથી વધુ આપણી બેદરકારી શું હોઈ શકે?

અને હવે તો મહાજનના પેરેલલ ટ્રસ્ટ કે સેક્યુલર ટ્રસ્ટ અને ગ્રુપ બનાવી પોતાને મહાજન કરતા મોટા હોવાનું દર્શાવે છે અને કેટલાક તકવાદીઓએ એનો ગેરઉપયોગ કર્યો, એનો મતલબ એ નહિં કે આપણે પણ મહાજનના ઉપર ચડી જઈએ.

વ્યક્તિ નહિં મહાજન જ શ્રેષ્ઠ હોય...

શેઠ શ્રી નરશી નાથા કહી ગયા છે ને કે જ્ઞાતિ મારા માટે શું કરે છે એ નહિં હું જ્ઞાતિ માટે શું કરું છું એ વિચારો, પણ હવે તો ઊંધું થઇ ગયું છે. મહાજન પાંલા કરે કોરો આય ? મારુ શું ? મને શું ? મારા એકથી શું થઇ જવાનું છે? પદ, પ્રતિષ્ઠા અને પૈસો કે વ્યક્તિ બધું ક્ષણભંગુર છે એ ક્યારે મહાજનથી ઉપર ના હોઈ શકે. મહાજન શબ્દ એ અદિકાળથી વરાયેલો છે, તો એમાં હું કે મારો શબ્દનો અહમ કાઢી આપણો શબ્દ આવશે ત્યારે જ સમાજ ઉન્નતિ તરફ વધી શકશે. સમાજને એક તાંતણે બાંધી રાખવા અને સમાજ વ્યવસ્થા જાળવી રાખવા આપણે અત્યારથી જ વિચાર કરવો પડશે, નહિં તો એનું અસ્તિત્વ કેટલું જળવાશે એ મોટો સવાલ રહેશે. મહાજનથી ઉપર આપણે તો હોઈ જ ના શકીએ પણ મહાજન કહે તે આપણે માથા ઉપર સ્વીકારવું જ પડે એ જ મહાજનનું સન્માન કહેવાશે.

**ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ),**

મો.:૯૮૭૯૫૨૨૬૪૨

**લગ્ન સંબંધી**

કુંવારી કન્યા ઉંમર ૩૭ વર્ષ, શિક્ષણઃ B.E.,M.Tech, કર્ણાટક સ્થિત (માતા ક.દ.ઓ) માટે શિક્ષિત યુવકના વડીલો સંપર્ક કરે.

**સંપર્ક : 88618 85747 / 99865 65454**

**વિગતવાર સમાચાર મોકલવા નિવેદન**

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **- તંત્રી મંડળ**

**આરોગ્ય પ્રકાશ**

# આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



**કાચા શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટ્સ, શાકાહાર અને નવજીવનઃ** કાચા શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટમાં મહત્ત્વના આરોગ્ય જાળવનારા તત્ત્વો ઉપરાંત રેષા-ફાયબર વધુ હોવાથી ખાધેલું બરાબર પચે છે. કબજીયાત થતી નથી, આંતરડામાં ખાધેલ અનાજ વ્યવસ્થિત આગળ વધે છે. આવી ચીજો શરીરનાં સ્નાયુ, માંસપેશી અને વિવિધ અંગોમાંના ટોક્સીન શરીરની બહાર કાઢી ઉદ્દીપન તથા નવસર્જન કરી નવજીવન આપે છે. એમાં રહેલ ક્લોરોફીન બિમાર કોષોને ઠીક કરે છે તથા નવા કોષના નિર્માણમાં મદદ કરે છે, દીર્ઘાયુ આપે છે. આવા ખાદ્યોથી ઉત્તેજના ઓછી થાય છે, મન શાંત રહે છે તેથી હાઈ બી.પી. થતું નથી. હોય તો કંટ્રોલ કરે છે.

બર્લિનની 'ઈન્સ્ટીટ્યુટ ફોર સોશ્યલ મેડીસીન એન્ડ એપીડેમિયોલોજી' એ સંશોધન કર્યું છે કે કાચા શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટ અને શાકાહાર સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ જીવન આપે છે. યુરિક એસિડની તકલીફ થતી નથી, હોય તો ઓછી થાય છે. જો લોહીમાં યુરીક એસિડ વધુ હોય તો ગાઉટ (સાંધાની બિમારી) અને કીડનીની સમસ્યાઓ થાય છે. આવી તકલીફવાળી વ્યક્તિએ કાચા શાકભાજી, ફળ વધુ ખાવા અને ડ્રાયફ્રુટ પ્રમાણસર ખાવા. આવો ખોરાક ખાનારા ૮૬%ને હાઈ બી.પી. અને ૭૦% લોકોને કોલેસ્ટ્રોલની તકલીફ હોતી નથી તેમજ હૃદયની બિમારીઓ ઓછી હોય છે. ધૈર્ય, સહનશક્તિ વધે, શાંતિ, દયા, સદ્ભાવ વધુ ઉત્પન્ન થાય, સાત્વિક વિચાર વધે.

આ ખોરાક શરીર સાથે મગજને પણ પ્રભાવિત કરે છે. ન્યુરોટ્રાન્સમીટર નામના તત્ત્વો મગજમાં ઉત્પન્ન થાય છે. અમુક ન્યુરોટ્રાન્સમોસ જે મગજના કોષોને શાંત રાખે છે. (ન્યુરોઈન્હીબીટર)-સિરોટોનિન, ગામાએમિનો બ્યુટારિક ઉત્પન્ન થાય છે. જ્યારે નોનવેજ, જંકફૂડ, ફાસ્ટફૂડથી ન્યુરોએક્ઝાઈટેટરી ન્યુરોટ્રાન્સમીટર ઉત્પન્ન થાય એ મગજને અશાંત કરે, ઉત્તેજીત કરે, ઉંઘ ઓછી કરે અને અન્ય નુકશાન પણ કરે.

આ ખોરાકમાં કોલાઈન એમિનોએસિડ મગજમાં વધે છે જે સ્મરણશક્તિ વધારે છે. ટાયરોસીન એસિડ મગજમાં વધે છે જે ડિપ્રેશનની તકલીફ ઘટાડે છે. પાગલપણું અને બીજી માનસિક બિમારીઓમાં કાર્બોદિત (શર્કરાયુક્ત) ખોરાક ફાયદો કરે છે. આવો ખોરાક ખાઈ નવજીવન મેળવો.

**૭) દાંત-પેઢાનું ઈન્ફેક્શન અને હૃદયની બિમારી :** આપણે જે ખોરાક ખાઈએ તેનો દાંત ભૂક્કો કરવાનું ખૂબ જ જરૂરી કામ કરે છે. ખોરાક બરાબર ભૂક્કો થાય તો જ જઠરરસ, બીજા પાચક રસો તેના પર સારી રીતે પ્રક્રિયા કરી શકે અને પાચક બને અને તેમાંથી જરૂરી તત્ત્વો મળે. શક્તિ મળે, આરોગ્ય જળવાય તે માટે દાંત પેઢાની કાળજી લેવી જ જોઈએ પણ જો તેની કાળજી ન લેવાય તો દાંત-પેઢામાં સડો થાય અને તે ઈન્ફેક્શન આંતરડામાં જઈ આરોગ્ય બગાડે તે ઉપરાંત લોહી દ્વારા હૃદય, સાંધા, આખા શરીરમાં જઈ હૃદયરોગ અને બીજી બિમારીઓ આપી શકે. થોડું અજુગતું લાગે પણ દાંતપેઢાના ઈન્ફેક્શનથી હૃદયરોગ પણ થઈ શકે.

ઈન્ફેક્શન હૃદયની ધમનીમાં જઈ plaque (એક જાતની પોપડી) તૈયાર થાય જે ધીમે ધીમે મોટી થઈ બ્લોકમાં પરિણમે અને હૃદયરોગ લાગુ પડે. ઈન્ફેક્શન ન થાય તે માટે સાકર-ગોળનો ઉપયોગ ઘટાડો (સાકર એ સફેદ ઝેર જ છે). ચાવીને ખાવું, સિંગ, તલ, કોપરું, કાચા શાકભાજી ચાવીને ખાવાથી દાંત-પેઢાને કસરત મળે અને પેઢા મજબૂત થાય. ખાધા પછી દાંત-પેઢાની સફાઈ કરવી. પેઢા પર આંગળાથી મસાજ કરવો. લીંબુની છાલ પેઢા પર ઘસો. દંતમંજન તરીકે ફટકડી (ફૂલાવેલી) એમાં સમાન ભાગે સિંધવ નમક નાખી દાંત ઘસતી વખતે તેમાં સહેજ રાઈનું તેલ નાખી પેસ્ટ જેવું બનાવી વાપરો. ફટકડી-મીઠું સારા એન્ટીબાયોટીકનું કામ કરે, ઈન્ફેક્શન-સડો થવા ન દે. બજારુ પેસ્ટમાં તે શક્તિ નથી અને તેના કેમિકલ્સ શરીરમાં જઈ બીજી બિમારીઓ આપે. અઠવાડીએ ૧૫ દિવસે એક વખત તલ, રાઈ કે કોઈપણ તેલમાં સહેજ મીઠા સાથે મોમાં ૧૦ મિનીટ રાખી મોંમા ઘુમાવવાથી દરેક પ્રકારની દાંત પેઢાની સમસ્યાથી બચી શકાય છે. ઉપરાંત આ કોગળા શરીરના ઝેર-ટોક્સીનને બહાર કાઢશે.

**૮) આમવાત-રૂમેટોઈડ આર્થરાઈટીઝ :** આપણે જે ખોરાક ખાઈએ તેનું પાચન ન થાય, અજીર્ણ હોય ત્યારે ખાઈએ, બેઠાડું જીવન હોય, ઠંડા પીણા-ઠંડુ પાણી વધુ પીવાથી, મેંદાની વાનગીઓ વધુ ખાવાથી આ પરિસ્થિતિમાં ખોરાકનું પાચન ન થાય એટલે ન પચેલા ખોરાકનું આંતરડામાં

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

'આમ' તૈયાર થાય. એ શરીરમાં શોષાઈ સાંધાઓમાં ભરાય તેથી એ સાંધામાં દુઃખાવો થાય, સોજા થાય અને ઈલાજ ન થાય તો સાંધા વિકૃત થાય, તેનો આકાર બદલાય, આંગળીઓ વાંકી થાય. 'આમ' ને લીધે આ તકલીફ થાય છે, તેથી આને 'આમવાત' કહેવાય છે. આમવાત શરૂમાં હાથપગની આંગળીઓમાં થાય પછી બીજા સાંધાઓમાં થાય. દુઃખાવો એક જ જગ્યાએ ન રહેતા અલગ-અલગ સાંધાઓમાં વારાફરથી જણાય તેથી જ તેને 'ફરતો વા' પણ કહે છે. પછી રોગ વધુ થાય તો દુઃખાવો કાયમ રહે. આવા કેસમાં RA Test Positive આવે છે. ખાધેલો ખોરાક પચે અને ભૂખ લાગે પછી જ ખોરાક લેવો એ નિયમ આમવાતના દર્દીને ખાસ રાખવું જરૂરી છે. પ્રવાહીને પચતાં પોણો કલાક, ફળોને પચતા અર્ધો કલાક અને ઘન ખોરાકને પચતા ઓછામાં ઓછા ચાર કલાક, તળેલું અને મિઠાઈને પચતાં ૫-૬ કલાક કે વધુ સમય લાગે. ભૂખ લાગે ત્યારે સમજવું કે આપણે ખાધેલો ખોરાક પચી ગયો, તે પછી જ અન્ન ખાવું. જેમને આ રોગની શરૂઆત હોય તેમણે હલ્કો, સાદો અને જલ્દી પચે તેવો ખોરાક, ફળો, શાકભાજીના સુપ, મગ-મગનું પાણી વધુ લેવા, ઉણોદરી પાળવી (પેટનો પા ભાગ ખાલી રહે તેમ ખાવું). જમવાના ૧૫ મિનીટ પહેલા આદુની કતરણ (આદુના બારીક કટકા કરી તેમાં સફેદ સિંધવ નમક અને લીંબુ નાખી) બરાબર ચાવીને ખાવી, જેથી ભુખ ઉઘડશે, અને જમ્યા પછી ૧ નાની ચમચી (અથાણાની ચમચી) સૂંઠની ફાકી લેવી, ગરમ કે તાજો ખોરાક લેવો. વાસી કે ફ્રીજનો ઠંડો ખોરાક, આઈસ્ક્રીમ, સાકર સદંતર બંધ કરવા. નિયમિત ચોવિહાર કરવો જેથી પાચનતંત્રને ૧૪ કલાક આરામ મળી રહે. જેથી બીજે દિવસે પાચનતંત્ર ખોરાક માટે બરાબર તૈયાર હોય. બની શકે તો મહિને ૧ ઉપવાસ કરવો. રાતે પારિજાત (સફેદ ફુલ જે કેસરી દાંડીવાળા હોય છે અને સવારે ખરી પડે)ના ૫ થી ૭ પાન ધોઈ, કાપી નાના-નાના ટુકડા કરી પાણીમાં નાખી ઉકાળો. બરાબર ઉકળી જાય એટલે ઢાંકીને રાખી દ્યો અથવા સવારે આ ક્રિયા કરો અને ખાલી પેટે ગાળીને આ ઉકાળો હુંફાળો નિયમિત પીઓ. જો વધુ તકલીફ ન હોય તો ૩ મહિના લઈ પછી બંધ કરો. થોડા દિવસ પછી વળી તકલીફ હોય તો નિયમિત ચાલુ કરો. આમ તકલીફ હોય ત્યાં સુધી કરો. હરડે (હિમેજ) દિવસમાં ૨ થી ૩ સોપારીની જેમ ચૂસવી, આખી એ રીતે લઈ લેવી. નિર્ગુંડીના પાન મળે તો ૩ પાન ધોઈ ચાવવા. રાસ્તાદિ ક્વાથ ૧-૧ ચમચી સવાર સાંજ લેવુ, સુંઠ નાની ૧ ચમચી, ધાણા ૧ ચમચી, એરંડિયું ૧ ચમચી સવાર-સાંજ લ્યો. આમપાચન વટી કે બૃહદવાતચિંતામણી રસ ૧ ગોળી બે વાર સવાર-સાંજ લ્યો. જેને આ બિમારી ખૂબ વધી ગઈ હોય તેમણે પહેલા એનિમા લઈ પેટ સાફ કરવું. પછી આખો દિવસ મગના પાણી પર રહેવું. ૧૫ દિવસથી ૧ મહિનો રોજ એનિમા લઈ આખો દિવસ ફક્ત મગના પાણી પર રહેવું. બહુ મુશ્કેલ છે, અશક્તિ આવશે, આરામ કરવો પણ આ બિમારી પણ બહુજ તકલીફદાયક, સાંધાની વિકૃતિ લાવનાર છે અને એલોપેથીક દવાઓમાં પેઈન કીલર સાથે સ્ટેરોઈડ પણ આપવામાં આવે છે. જે રોગ મટાડતી નથી પણ તાત્પુરતી પીડા, સોજા મટાડે પણ શરીરના વિવિધ ભાગો પર ખૂબજ ગંભીર આડઅસરો ધીરે ધીરે થાય છે. હાડકાનું છીદ્રાળુ પણ વધવાથી લઈ, હાઈ બીપી, કિડની, લીવર વગેરેને ધીરે ધીરે નુકશાન થાય છે જે ઉપરના આયુર્વેદિક ઈલાજ કરવાથી નથી થતા અને રોગ જડમૂળમાંથી મટે છે. આમ પાચનતંત્ર સંપૂર્ણ શુદ્ધ થયા પછી ધીરે ધીરે ફળ, મગ, શાકભાજીના સુપ, મગના પાણી સાથે ચાલુ કરવા, (એનિમા બંધ કરવું). પછી હલ્કો પચે એવો ખોરાક કાયમ લેવો અને ઉપર જણાવેલ બધી સાવચેતી ખાવા-પીવામાં લેવી. આ બિમારીમાં દુધ, દહીં, ગોળ, ઘી, અડદના લોટની વસ્તુઓ (પચવામાં ભારી છે), ઉજાગરા, દિવસની ઉંઘનો નિષેધ છે, ત્યજવી. લસણ, અજમો, હીંગ, કારેલા, પરવળ, જવ ( ઘઉં-ચોખા પણ આરોગ્ય બગાડનાર છે), ગોખરૂ, બથવાની ભાજી ફાયદાકારક છે, એનો ઉપયોગ કરો. નાચણી, કોદરી, રાગી આરોગ્યદાયી છે એનો ખોરાકમાં સમાવેશ કરો. આ રીતે ખાવાપીવામાં કરી પાડી, બીજા ઉપાયો કરી આ પીડાદાયક બિમારીમાંથી છુટકારો મેળવો.

**૯) નાભી અને હાઈ બીપી.:** જ્યારે અચાનક હાઈ બીપી. થઈ જાય ત્યારે તરત જ ડોક્ટરી ઈલાજ ન મળે તો હાર્ટએટેક, લકવો કે કીડની જેવા મહત્ત્વના અવયવને નુકશાન થઈ શકે. આવે વખતે ગભરાવું નહીં, અને શાંતિથી ચત્તા સૂઈ નાભીમાં, બરફનો ટુકડો ૧૦ મિનીટ રાખવાથી તરત જ બી.પી. નોર્મલ થશે, ઉપરાંત કપડા સુકવવાની ક્લીપ બન્ને હાથની મોટી આંગળી અને ટચલી આંગળીના નખની જગ્યાએ લગાડી ૫-૧૦ મિનીટ રાખી કાઢી લેવું, ફુદીનાની ચટણી વાટકો ભરીને ખાવી. આવા ઈલાજથી ખતરો ટળી જશે પણ જરૂર હોય તો ડૉ. પાસે જાવ. રાતના નાભીમાં તેલ (કોઈપણ) નાખવાથી પણ આરોગ્યને ફાયદો થાય છે. નાના બાળકને પેટમાં દુઃખતું હોય ત્યારે તે રડે, પણ કાંઈ બોલી ન શકે ત્યારે નાભીમાં પાણી લગાવી હીંગ ચોપડવાથી તરત બાળક રડતું બંધ થશે એ ખૂબ જ જુનો, જાણીતો ડોશીમાંનું વૈદું (ઈલાજ) છે. આવી અદ્‌ભૂત નાભીની ભેટ ભગવાને આપી છે.

# ग्लोबल वार्मिंग

जय जिनेंद्र

आज ग्लोबल वार्मिंग धरती पर प्रदुषण के कारण असहनीय गरमी हिट ४५ डीग्री के आस पास बढने से बर्फ के बडे बडे पहाड ग्लेशियर झपाटे से पिघल रहे है। समुद्रीय पानी सपाटी बढ रही है। समुद्री भयंकर सुनामी मे तटीय शहर समुद्र मे गर्क होने वाले है और यह घटना क्रम सुरू हो गया है।




मुंबई मे अनेको वक्त समुद्रीय पानी तबाही मचा चुका है यह कुदरती इशारा ही है पर हम ना समझ हल्के मे ले रहे है।

इस का असर भारत के मेट्रोसिटी मुबई पर व्यापक पडने वाला है अभी समय है

हमे कच्छ अबडासा ज्यादा से ज्यादा डेवलप कर छोटे बडे उधोग लगा कर जादा से जादा युवाधन एवंम बुजुर्गो को सर्वश्रेष्ठ सुविधाजनक व्यवस्था प्रदान कर के बसाया जाय तो हमारे दो फायदे होंगे।

सुनामीमें जान माल की नुकसान से कुछ तो बचेगा और अबडासा औरौं के कब्जे में जाने से पहले हम बचा पायेंगे। वैसे भी मराठी राजनीतिक हमारा विरोध करते बार–बार दिखाई दे रहे है।

अभी समय रहेते कार्य को सोच–विचार कर गति देनी चाहिए। अब तो नलीया तक ब्रोडगेज ट्रेन रेल्वे पहोंच रही है। अबडासा के अपने ट्रस्टो के बिल्डिंगो के नजीक खाली जमीनो पर बड, पिपल, नीम जैसे देशी वृक्ष बडे पैमाने पर लागाना जरूरी है जिससे कुछ प्रमाण मे हिट कम करके वातावरण थंडा होगा। वैसे ही बरसाती शुध्द आरोग्य वर्धक पानी अंडरग्राउंड टांको में जमा कर के साल भर वही उपयोग करगे तो बी १२ जैसी अनेक बिमारीओं से राहत हो के स्वस्थ रहेगे।

सोलरपेनल लगाकर हमारा बिजली खर्च बचाके सस्ते दर से हमारे परिवारो को पावर देते आयेगा।

अपनी खेतिहर जमीनो पर आधुनिक पद्धति से खेती करना, अपनी गौशाला एवंम हर गांवो का आधुनिकरण करना। मोदी हिंदु धार्मिक स्थलों का विकास कर रहे है। गाँव मे अवैद्य कब्जे हटाकर रास्ते बडे करने जैसे अनेक कार्य सरकार कर दे रही है। हमे मोदीजी तक हमारी रजुआत पहोंचानी है। अभी सही वक्त है काम करा लेने का।

खमतीधर समाज है हमारा। हमारे धन–दौलत कब काम आयेगी? इस कार्य पर खर्च कर समाज को और जादा समृद्ध समाज बनाएंगे।

यह सब सकारात्मक कार्य करने के लिए प्रकाश समीक्षा पहेल करे एसी अपील मैं कर रहा हु।

**- Tejkumar Shamji Nagda**

Rajkot , Naliya

## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


**ચાલો નાગેશ્વર તીર્થ સાથે એમ.પી.ના અન્ય તીર્થો, ચાલો સ્ટેચ્યુ ઑફ યુનિટી, મણીલક્ષ્મીતીર્થ, પોઈચા**

રમણ શેઠીયા સંચાલિત નાગેશ્વર તીર્થ, અષ્ટાપદ, અવંતીકા, પાર્શ્વનાથ, ઉજ્જૈન–ઓમકારેશ્વર, મણીભદ્રવીર, અલૌકિક પાર્શ્વનાથ, હીંકારગીરી, ભક્તામર, ભોપાવર, મોનખેડા, રતલામ વિ. તીર્થો. દિ.૬, ઉ.તા. ૨૫/૯ ફક્ત પાંચ સીટો બાકી.

મણીલક્ષ્મી તીર્થ સાથે પંચતીથી, પોઈચા, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેમાં વિવિંગ ગેલેરી, વ્યુ પોઈંટ (૪૫ માળા) મ્યુઝીયમ, લેઝર શો સાથે ક્રુઝ/નૌકાવિહાર, જંગલ સફારી, બટર ફ્લાય–કેકટર્સ ગાર્ડન, વિ. દિ. ૩, ઉ. ૨૨/૭, ફુલ, ૧૫/૮, ૧૧/૯, ૨૫/૯માં જુજ સીટો, ૨૧/૧૦, ૨/૧૧. **બન્ને પ્રવાસમાં એ.સી. બસ, એ.સી. રૂમો.**

**સં. રમણ શેઠીયા-9372971397, જય શેઠીયા-9326205589**



❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

● પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી ● સાચી જરીની સાડીઓ બોર્ડર ● જુના સાચા ઘરચોળા ● કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,

માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

# જીવન ઉત્સવ

જૈન કુળમાં જનમ હોય,
અને ઈશ્વર તુલ્ય વડીલોના આશિષ હોય,
મસ્ત મજાનું અલ્હડ બાળપણ,
સાથે મૌજ મસ્તી અને ઉચ્ચ શિક્ષણ હોય
જીવનમાં દુઃખી થવાનું ના કોઈ કારણ હોય,
હંમેશ મનમાં પ્રભુ નામનું સ્મરણ હોય,
આ બધું છે જીવન માં તો જીવન ભગવાનની દેન છે,
એનો આભાર માનો.

માથે વડીલોની છત્રછાયા હોય,
જીવનસાથીનો પ્રેમ અપરંપાર હોય,
યાદ દોસ્તોની મોહમયા ,
અને પરિવારનો સાથ સહકાર હોય,
સદાય હોય પ્રફુલ્લિત મન, સ્વસ્થ કાયા હોય,
ને ન કોઈ વાતની તકરાર હોય,
આ બધું છે જીવનમાં તો જીવન સફળ છે,
સફળતાની કદર કરો.

હંમેશ પ્રેમ અને લાગણીની ભાવના હોય,
કાયમ  મનના દરવાજા ખુલ્લા હોય,
પ્રભુથી હોય બસ આજ કામના,
સદાય રહે મનમાં સદ્ભાવના,
જાણતા અજાણતા ન દુભાય દિલ કોઈનું,
કાયમ થાય કલ્યાણ સૌનું,
આવી જ મનની આરજુ હોય,
આ બધું છે જીવનમાં તો જીવન સંપૂર્ણ છે,
આ વાતનો આનંદ માનો.

કહે કનુ અરીહંતને,

શાંત નદી જેવું જીવન આપ,
ઈન્દ્રધનુષી જેવું રંગીન જીવન આપ,
સરગમના મધુર સુર જેવું જીવન આપ,
બાગમાં ખીલેલા સુંદર ફૂલ જેવું જીવન આપ,
દરિયાની ગહેરાઈ જેટલી લાગણી ભરેલું જીવન આપ,
આકાશથી વિશાળ હૃદય  વાળું જીવન આપ,
જો આ બધું જીવનમાં હોય તો જીવન ઉત્સવ બની જશે
અને હર પલ એને ઉજવીશ.

**કનક જયેશ લોડાયા (અજાણી)**
કોઠારા (માટુંગા)

## કચ્છ કોઠારા ગામે માતાજીના ભૂવાશ્રી બનાવવા બાબત

કોઠારા ગામમાં બિરાજમાન કુળદેવી શ્રી સચ્ચા માતાજીને નમતા લોડાયા પરિવાર (શા. શામજી પાંચુ ભાઈના ડેલામાં/જૈન અતિથી ગૃહની સામે/જૈન પાઠશાળાની સામે)

કોઠારા ગામે બિરાજમાન લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચા માતાને નમતા ભાવિકોને જણાવવાનું કે આપણા માતાજીના ભૂવાશ્રી બનાવવાની તિથી કારતક સુદ તેરસ, ચૌદસ, પૂનમ ને **તા. ૧૩ થી તા. ૧૫-૧૧-૨૦૨૪** ના રોજ નક્કી કરેલ છે. આ પ્રોગ્રામ ત્રણ દિવસનો રહેશે.

આપ સર્વે પરિવારોને નમ્ર વિનંતી કે આપશ્રી સૌ માતાજીના ભૂવા બનાવવાની વિધીમાં સહ પરિવાર અચૂક પધારશોજી. જેથી આ આપણું નિર્ધારીત પ્રોગ્રામ સરળતા થી પાર પડે.

આવનાર દરેક પરિવારે તથા પધારતા સભ્યોની અગાઉ જાણ કરવાની રહેશે. જેથી રહેવા તથા જમવાની સગવડ થઈ શકે. આવવાની જવાની ટીકીટ પોતાની રીતે કઢાવવાની રહેશે.

આપને સૌને **તા. ૧૩-૧૧-૨૦૨૪ થી તા. ૧૫-૧૧-૨૦૨૪** સુધી ગામમાંજ હાજર રહેવું પડશે.

ત્રિ-દિવસીય પ્રોગ્રામમાં કોઈએ પણ કાળા વસ્ત્રો પહેરવા નહીં. અને મહિલાઓએ પોતાની ચોખ્ખાઈનો ધ્યાન રાખવું. જેથી આપણાં પ્રોગ્રામમાં કોઈ વિઘ્ન ન નડે.

**-: સંપર્ક :-**

**શ્રી ગીરીશ હીરજી લોડાયા – 99870 78232**
**શ્રી તિલક રાયચંદ લોડાયા – 98199 52365**
**શ્રી જયચંદ હીરજી લોડાયા – 98196 21281**


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર
One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

## વાર્તા

'લો, લઈ લો, ભાઈ !'

'શું છે ?'

'થેલી.'

'પણ થેલીમાં શું છે ?'

'અઢી લાખ રૂપિયા છે. તમે ગરીબો માટે બહુ સારું કામ કરો છો... ભૂખ્યાંનાં પેટ ભરો છો. એમના ઉદરની આગને ઠારો છો. તો હું ય એમાં મદદરૂપ કેમ ન બનું ? લઈ લો, ભૂખ્યાં દુઃખ્યાંને જમાડજો.'

'જરૂર.'

'વધારે જરૂર હોય તો કહેજો, લો, આ મારો મોબાઈલ નંબર !'

'પણ નામ ?'

'નામની શી જરૂર છે ? કામ જ નામ છે, ને કામ જ રામ છે ! ક્યાંય મારું નામ આવે તે મને ગમતું નથી !'

– ને એ ભાઈ આવ્યા હતા, એ જ અદાથી કારમાં બેસીને જતા રહ્યા... કારે ગતિ પકડી લીધી !

વિરાટભાઈ જોઈ રહ્યાં.

– આવું તો જવલ્લે જ જોવા મળે ! કોઈ આપે ખરૂં, પણ પાછું કહે પણ ખરૂં. 'આપણું નામ લખજો' કહેજો કે ફલાણાભાઈ તરફથી છે... બરાબર ? આપવાનું ખરૂં... ને પબ્લીસીટી પણ કરવાની : આપણું નામ આવવું જ જોઈએ !

પણ આ થેલીવાળા માણસ જેવો કોઈ મળે ખરો?

ગામની બહાર ત્રણ રસ્તાના ત્રિભેટે વડનું વૃક્ષ છે. છાયાદાર ઝાડ છે. એના થડની આસપાસ ઓટલો છે... ને વિરાટભાઈ એ ઓટલા પર બેસી ગામનાં ભૂખ્યાં દુઃખ્યાંને રોટલા ખવડાવે છે. ગરીબ હોય, આવક ન હોય, ઘરમાં ખાવાનું ન હોય ને ભૂખમાં જ દહાડા કાઢતા હોય તો વિરાટભાઈ ટિફિન ભરીને પેટ ભરાઈ જાય એટલી વાનગીઓ મોકલાવે. ત્રણ ચાર બાજરીના રોટલા... ને શાક... ને દાળભાત!' ખાવ તમ તમારે, હું બેઠો છું !'

એમણે સંશોધન કર્યું. કોના ઘરમાં ચુલો સળગતો નથી? કોણ ભૂખ્યા પેટે સુએ છે. વિધવા છે ? વિધુર છે ? અપંગ છે ? આવક નથી ? છોકરાંવાળી વિધવા છે ? તો મોકલાવો ટિફિન ! ધરાઈને ખાય એટલું મોકલાવો !

વિરાટભાઈ આટલું વિચારીને પત્નીની યાદોમાં ખોવાઈ જાય છે. બે વરસ પહેલાં જ એ રોગનો ભોગ બનીને ઉપરવાળાની સેવામાં ચાલી ગઈ હતી. મરતી પત્નીએ વિરાટભાઈનો હાથ પકડીને કહ્યું હતું : 'હું તો હવે બે ચાર કલાકની મહેમાન છું. તમને છોડીને જતાં જીવ નથી ચાલતો પણ શું કરું ? ઉપરવાળાનાં તેડાં આવ્યાં છે. જવું તો પડશે જુદા પડવું તો પડશે... તમને રોતા મેલીને જાઉં છું... પણ એક કામ કરશો ?'

'શું ?'

'કહું ?'

'બોલ, શી છે તારી ઈચ્છા ?'

'જુઓ, ભગવાને આપણને ઘણું આપ્યું છે. પાંચસો વીઘા જમીન છે. ખેતીમાં નકરું સોનું પાકે છે, રૂપિયાના ઢગલા છે. આપણા ઘરમાં તો મારા ગયા પછી આ ગામનાં ભૂખ્યા-દુઃખ્યાં ગરીબોનાં પેટ ઠારવાનું કામ કરજો ! શોધી કાઢજો કે કોના ઘરમાં ચુલો નથી સળગતો ? ને પછી તેના ભોજનની વ્યવસ્થા કરજો... બીજાંનાં પેટ ઠારશો, તો મને ઉપરવાળો શાંતિ પમાડશે ! બોલો, કરશો મારી યાદમાં આટલું ?'

'જરૂર કરીશ.'

'આપો વચન !'

ને જિંદગીના છેલ્લાં કલાકો ગણતી પત્નીના હાથમાં એમણે હાથ મૂકી દીધો, 'આ મારું વચન છે!'

ભોજન યજ્ઞા ચાલે છે. ઓટલાની આસપાસ રોટલા ઘડાય છે. શાક વઘારાય છે. દાળ-ભાતનાં તપેલાં ઉકળે છે. ટિફિનો ભરાય છે... સેવાભાવી માણસો ટિફિન લઈને નીકળી પડે છે. નામ આપ્યું છે : 'વડલાનો વિસામો ! એક જ વાત, ખાવ... ધરાઈ ધરાઈને ખાવ.'

– એકાદ વરસ તો વીતી ગયું... સેવા યજ્ઞ ચાલુ છે. ભોજનનો ભંડારો ચાલુ છે.. ને ત્યાં જ અચાનક એક કાર ત્યાં આવે છે. મોંઢા પર મોટું માસ્ક પહેરેલો એક માણસ કારમાંથી બહાર નીકળે છે. તેના હાથમાં થેલી છે. થેલીમાં રૂપિયા છે... રૂપિયા અઢી લાખ ! નામ નથી આપતો... બસ, 'કામ એ જ નામ...'

કહીને ચાલ્યો જાય છે. કાર ઉપડી જાય છે !

પણ સવાલ અઢી લાખ રૂપિયાનો નથી.

સવાલ એ છે કે, 'એ છે કોણ ?'

અને મહીના પછી ફરી એ જ કાર આવે છે. મોઢા પર માસ્ક છે. હાથમાં થેલી છે. થેલી વિરાટભાઈના હાથમાં મૂકે છે ને કહે છે : 'થેલીમાં છે, દસ લાખ રૂપિયા ! ઠારો, ઠારો, ભૂખ્યાંનાં પેટ ઠારો !'

'પણ તમે છો કોણ ?'

'હું ?'

'હા, કહો... ન કહો તો તમને મારા સોગંદ છે !'

– ને એણે માસ્ક ઉતારી નાખ્યો ને બોલ્યો : 'હું છું જીવણપ્રસાદ. તમારા સસરાનો પાડોશી. ત્યારે મારા ઘરમાં ઘોર ગરીબીની બિલાડી ઘુંકારિયા કરતી હતી. ઉપવાસ હવે રોજના થઈ ગયા હતા. તમારી પત્નીનું નામ વિમળાને ? હા, તો વિમળા અમારે ત્યાં ક્યારેક આવતી. તેને ખ્યાલ આવી ગયો કે અમારે ત્યાં ચુલો સળગતો નથી. પત્ની–બાળકો છાશ પીને સૂઈ જાય છે... ને માનશો, શું થયું ? વિમળા તો દયાની દેવી હતી. એ દરરોજ મારે ત્યાં મોટા વાસણોમાં ભોજન લઈને આવતી ને કહેતી : 'ખાવ, ભાઈ, ખાવ. છોકરાં અને ભાભીને ય ખવડાવો. હું રોજ ખાવાનું આપી જઈશ !'

ને પછી તો વિમળા પરણી ગઈ. ને મારા નસીબનું ચક્કર પણ એવું ફર્યું કે આજે તો હું દોઢસો કરોડ રૂપિયાનો માલિક છું. મારે બે તો કારખાનાં છે પણ દીકરી વિમળાને હું ભૂલ્યો નથી એનો ઉપકાર તો શે ભૂલાય ? મને ખબર છે, એની યાદમાં તમે 'વડલાનો વિસામો' ચલાવો છો... ને ગરીબોનાં પેટ ઠારો છો. પણ વિમળાના ઉપકારને હું નથી ભૂલ્યો... બસ, એની યાદમાં ચાલતા આ ભોજનયજ્ઞમાં મને પણ યશભાગી બનાવજો. હું દર મહીને રૂપિયા આપતો રહીશ !

– ને ડૂસકાં ભરતા વિરાટભાઈ કરોડપતિ જીવણપ્રસાદને ભેટી પડયા... જોકે બે ય જણા ધ્રુસકે ચઢી ગયા હતા !!

(વોટ્સઅપમાંથી સાભાર)

### રમત

કદી ઉપર કદી નીચે અજબ છે આ રમત,
જિંદગીને જાણ તું સાપસીડીની રમત.

આ પ્રેમ બીજું કંઈ નથી છે વેદના,
ઘાવ નકરાં ઘાવ ને તલવારની રમત.

સાત કાપ્યાં તેર લૂંટ્યાં દોર પણ ખૂટી ગયાં,
લાલ પીળાં કનકવાં ઉડાવવાની આ રમત.

શ્વેત કાળાં ચોકઠાંમાં ચાલવું કદી દોડવું,
હાર ક્યારેક જીતને સ્વીકારવાની આ રમત.

કાંકરા કદી હીરલાં જિંદગીનાં આંગણે,
સાવ બાલિશ લાગતી જીવવાની આ રમત.

**– પ્રફુલ જોષી**

# માનવ જીવનની ૧૩ સૌથી મોટી ભૂલો કઈ ?

અમેરિકાના સાંસ્ફ્રાન્સિકોમાં એક વિશ્વવિખ્યાત જજ થઈ ગયા. એમનું નામ મેક કોરમિક. તેઓએ કેટલાક ઐતિહાસિક ચુકાદાઓ આપ્યા છે. એમની જજ તરીકેની કારકિર્દીમાં તેઓ જુદા જુદા સ્વભાવના ગુનેગારોના સંસર્ગમાં આવેલા, આવા તમામના સંસર્ગમાં આવ્યા પછી એમને માનવ જીવનની ૧૩ સૌથી મોટી ભુલો શોધી કાઢી છે. જે નીચે પ્રમાણે છે.

૧) ખરા અને ખોટાનું પોતાની માન્યતા મુજબનું ધોરણ નક્કી કરવાનો પ્રયત્ન કરવો.

૨) બીજાઓના આનંદનો પોતાની યોજનાના ધોરણે માપ કાઢવાની કોશિશ કરવી તે.

૩) આ જગતમાં બધાના એક સરખા મત હોવાની આશા રાખવી તે.

૪) બિન અનુભવને ધ્યાનમાં નહીં લેવાની ભૂલ કરવી તે.

૫) બધાના સ્વભાવ એકસરખા કરવાની માથાકૂટ કરવી તે.

૬) આપણા કાર્યમાં સંપૂર્ણતાની આશા રાખવી તે.

૭) બિન અગત્યની નજીવી બાબતોમાં નમતું નહીં મૂકવું તે.

૮) જેનો કોઈ ઉપાય જ ન હોય એવી બાબતોમાં પણ પોતાના તેમજ પારકાના હૈયા બાળવાના તે.

૯) જે કામ આપણે કરી શકીએ નહીં તે બીજા કોઈથી થઈ શકે નહીં એવો ઘમંડ રાખો તે.

૧૦) દરેક માણસને જ્યાં જેવી રીતે અને જે કાંઈ બની શકે તે મદદ કરવી તે .

૧૧) આપણું પરિમિત, સંકુચિત અને અલ્પજ્ઞ મન જેટલું સમજી શકે તે જ બસ આખરી સત્ય છે એમ માની બેસવું તે.

૧૨) બીજાઓને નિર્બળતાનો કાંઈ ખ્યાલ જ નહીં કરવો તે.

૧૩) બહારની કસોટીથી સમાનતાનો નિર્ણય કરવો તે.

એમણે વિશેષમાં એવું પણ કહ્યું છે કે આ બાબતોમાં લગભગ બધા જ સરખી ભૂલ કરે છે. જગતમાં દરેક જગ્યાએ અવનવા કલહો, કંકાસ, ઝગડા જે ચાલી રહ્યા છે તેનું ખરું કારણ પણ ઉપર જણાવ્યા પ્રમાણેની કાંઈ ને કાંઈ ભૂલ જ છે.

### આગામી પ્ર.સ.ના અતિથી સંપાદક

તા. ૫.૮.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે કુ. ઉર્વી દેવબાલા–પમેન્દ્ર ધરમશી કોઠારા(નાગપુર) રહેશે.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કદઓ જૈન પશ્ચિમ એકમ

શ્રી કદઓ જૈન પશ્ચિમ એકમની આગામી જનરલ મીટીંગ તા. ૧૩.૦૭.૨૦૨૪ને શનિવાર સાંજે ૪.૩૦ કલાકે કલ્પતરૂ ફૂડ, વાપી મુકામે રાખવામાં આવેલ છે.

### ટેક્નોલોજી વડે મોબાઈલ શોધ્યો

ગુજરાતી મિડ-ડે સમાચાર પત્રમાં ખબર-અંતર કોલમમાં છપાયેલા સમાચાર મુજબ ડોંબિવલી ઈસ્ટમાં રાજાજી રોડની ભગવતી કૃપા બિલ્ડીંગમાં રહેતા દેવીન્દ્ર મોમાયા રિક્ષામાં પોતાનો મોબાઈલ ભૂલી ગયેલા. તેની ફરિયાદ વિષ્ણુનગર પોલીસ સ્ટેશનમાં કરી પણ કંઈ આશા જણાઈ નહીં. એ ફોનમાં અગત્યના ડેટા અને ફોટો હોવાથી દેવીન્દ્રભાઈ ટેન્શનમાં હતા. આથી તેમના એંજીનિયર પુત્ર પરાગભાઈએ મોબાઈલ ગુમ થયાના ત્રણ કલાકમાં ઘરથી ૧૨ કિ.મી. દૂર એક્ઝેક્ટ લોકેશન પરથી રેતીની નીચે ડટાયેલો ઉપરોક્ત મોબાઈલ શોધી કાઢ્યો હતો.

(૧) ભૂલાયા પછી જોઢ કલાક બાદ મોબાઈલ રિક્ષામાં રહી ગયો હોવાનું યાદ આવ્યું. (૨) રિક્ષા યુનિયનને જાણ કરતાં યુનિયને પોતાના વોટ્સગ્રુપમાં સંદેશો વહેતો મુક્યો. (૩) મોબાઈલમાં ઈન્ટરનેટ બંધ હોવા છતાં બીજા ફોનથી ટેક્નોલોજીના ઉપયોગથી મોબાઈલ બંધ થવા ના દીધો. (૪) સાઈલન્ટ મોડને રીંગીંગ મોડ પર બદલ્યો (૫) મોબાઈલ માત્ર પાસવર્ડ સાથે સ્વિચ ઓફ થઈ શકે તે સુવિધા એક્ટીવ કરી. આખરે ત્રણ કલાક પછી ઘરથી ૧૨ કિ.મી. દૂર રેતી નીચે મોબાઈલની રીંગ સંભળાઈ.

મહત્ત્વની વાત એ કે ઘરના બધા જ મોબાઈલ્સ પર અલ્ટરનેટ ઈમેલ તરીકે એક જ કોમન ઈ-મેઈલ આઈડી રાખી છે. ઉલ્લેખનીય છે કે હાલના એન્ડ્રોઈડ ફોનમાં ઈન્ટરનેટ બંધ હોય તો પણ ફોન આવે તો થોડીવાર આપોઆપ ચાલુ થઈ જાય. 'ફાઈન્ડ માય ડિવાઈસ'માં ખોવાયેલા/ભુલાયેલા ફોનની રીંગીંગ મોડ ચાલુ કરી દીધેલી.

### નિરવ લોડાયા એમ.બી.એ.

નલિયાના યવતમાલ નિવાસી નિરવ નીલેશ દિનેશ લોડાયા ચેન્નઈની આઈએફએમઆર શ્રી સિટી કોલેજથી ૭૩% સાથે એમબીએ ફાઈનાન્સની પરીક્ષા પાસ કરી છે.

### પ.પૂ. સાધ્વી વિનય પ્રભાશ્રીજી મ.સ.

પ.પૂ.સા. શ્રી વિનય પ્રભાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૬૪મા વર્ષમાં પ્રવેશ થયો. સાહેબજી જખૌના કુંવરબાઈ પુનશી મૈશેરીના સુપુત્રીએ પાલીતાણા મધે પ.પૂ.આ.ભ. નંદનસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ માતા પ.પૂ.સા. વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા સ્વરૂપે વિ.સં. ૨૦૮૦ના જેઠ સુદી ૧૧ના દિને સંયમ જીવનના ૬૩ વર્ષ પૂર્ણ કર્યા છે.

### કારંજામાં પ.પૂ.સા. સંયમગુણાશ્રી મ.સા.નું ચાતુર્માસ

કારંજા સકલ જૈન સંઘમાં પ.પૂ.સા. સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા આદિનાથ જિનાલય, શા.દા.આ. મહાવીર ભવનમાં ચાતુર્માસ આરાધના હેતુ રવિવાર તા. ૭.૮.૨૦૨૪ના પ્રવેશ કરશે.

### હૈદરાબાદની યુવતિઓની ૯૯ જાત્રા

આપણી જ્ઞાતિની હૈદરાબાદ નિવાસી ૧૩ યુવતીઓએ તીર્થરાજ પાલીતાણાની ૯૯ (નવ્વાણુ) યાત્રા સફળતાપૂર્વક હેમખેમ પાર પાડવામાં સફળતા હાંસલ કરી સ્વગૃહે આવતા હૈદરાબાદ સંઘે તેમનું શાનદાર બહુમાન કર્યું હતું. આ યુવતી યાત્રા સંઘમાં રેહા વૈશાલી સંજય લાલકા, કુવીરા નેહલ મીતેશ મોતા, તન્વિકા હિનલ ભાવેશ લોડાયા, મૈત્રી લક્ષ્મી ભરત લોડાયા, ચિન્મૈયી વંશિકા કમલેશ લોડાયા, વિધી શીતલ રૂપેશ મોમાયા, હેતવી શીતલ રૂપેશ મોમાયા, હેલી દર્શના રાકેશ મોમાયા, નિકીતા વર્ષા યોગેશ


**લગ્ન સંબંધી**

મુંબઈ સ્થિત છુટાછેડાવાળી કન્યા ઉં.વ.-૩૮, M.B.A. કરેલ અને હાલ નોકરી કરતી. એક દિકરીની માતા. જેને પણ માન્ય હોય એવા યુવાનના વડીલોએ ફોન ઉપર સંપર્ક કરવો. ફક્ત મુંબઈમાં રહેતાએ ફોન કરવો. મો.: 96193 82697 / 93239 53532.


**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **- તંત્રી મંડળ**

નાગડા, ઝલક સેજલ યોગેશ નાગડા, ચિન્મયી ભાવિની નીતિન દંડ, ડોલી ભાવિની નીતિન દંડ, નિધી નમ્રતા કમલેશ દંડ સામેલ થઈ હતી.

### તેરાવાલા શાળા ફી અને પુસ્તક સહાય ફંડ

કદઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત કાનજી ભાણજી મોતા અને દેવકાબાઈ કાનજી મોતા તેરાવાલા શાળા ફી અને પુસ્તક સહાય ફંડ દ્વારા નર્સરીથી ધોરણ ૧૦ માટેના અરજી પત્રક ભરવાની છેલ્લી તા. ૩૧ જુલાઈ ૨૦૨૪ છે. અરજી ફોર્મ kdoedu.com વેબસાઈટમાંથી ડાઉનલોડ કરી વીએલવીજી ઘાટકોપર વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૮૬. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ પર કુરિયર કરવા. અરજી પત્રક સાથે વાલીનો આધાર કાર્ડ, પેનકાર્ડ તથા જે બેન્કમાં ખાતું હોય તે બેન્કના કેન્સલ્ડ ચેકની ફોટો કોપી સંલગ્ન હોવી જોઈશે. વધુ વિગત માટે સંપર્ક : હીરાચંદભાઈ દંડ, મો. ૭૭૩૮૫૦૮૧૫૦.

### કેડીઓ મહિલા મંચ-અમદાવાદ

